RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 65, Dt.27-05-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સરકાર અને તંત્ર પર હવે ભરોસો નથીઃ ગુજરાત હાઈકોર્ટ



## અગ્નિકાંડને મુદ્દે હાઈકોર્ટે સુઓમોટો હાથ ધરતાં રાજકોટ મહાનગરપાલિકાનો ઉધડો લીધોઃ સરકારની મશીનરી પર ભરોસો રહ્યો નથીઃ ૧૮ મહિનાથી આ ગેમઝોન વિશે તમને શું ખબર જ નહોતી?ઃ કોર્ટે મનપા કમિશનરને તતડાવતા આકરા સવાલ કર્યા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજકોટ ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડનો મામલો હવે ગુજરાત હાઈકોર્ટમાં પહોંચી ગયો છે. આ મામલે સુઓમોટો હાથ ધરતાં હાઈકોર્ટે આજે બીજી વખત સુનાવણી કરી હતી જેમાં રાજકોટ મહાનગરપાલિકાનો ઉધડો લઈ નાખ્યો હતો.


ગુજરાત હાઇકોર્ટે તંત્ર અને સરકારનો ઉધડો લેતા કહ્યું હતું કે, 'અમને સરકાર અને તંત્ર પર ભરોસો નથી. કોઈ પણ મંજૂરી વિના ત્રણ વર્ષથી ગેમ ઝોન ચાલતું હતું તો છઅઈ શું કરતું હતું?' આટલું જ નહીં કોર્ટે કમિશનરને પણ તતડાવતા આકરા સવાલ કર્યા હતા.

હાઇકોર્ટે કહ્યું હતું, કે 'અમને સરકારની મશીનરી પર ભરોસો નથી રહ્યો, કોર્ટના નિર્દેશો છતાં આવી ઘટનાઓ બને છે. ૧૮ મહિનાથી તમને આ ગેમ ઝોન વિશે ખબર જ નહોતી? ઉદઘાટનમાં છઅઈ કમિશનર જાય છે તો કોર્ટના નિર્દેશોનું શું કર્યું? કોર્ટે છઅઈને સવાલ પૂછ્યો હતો, કે 'આ ગેમ ઝોન ક્યારે કામ કરતો થયો? પરમિશન માગી નહીં પણ તમારી જવાબદારી તો હતી ને.'

હાઇકોર્ટના વેધક સવાલો પર સરકાર તરફથી એડિશનલ એડવોકેટ જનરલે જવાબ આપતા કહ્યું હતું, કે સરકાર તાત્કાલિક પગલાં ભર્યા છે. અને રાજ્યના તમામ ગેમઝોન બંધ કરાવવામાં આવ્યા છે. સરકાર આ ઘટના બાબતે ખૂબ જ ગંભીર છે અને કોઈને છોડવામાં આવશે નહીં. છ અધિકારીઓને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા છે. છ આરોપીઓ સામે ત્ર્ઈછ કરવામાં આવી છે અને બેની ધરપકડ કરવામાં આવી છે.

સુનાવણી દરમિયાન અરજદારે કહ્યું હતું કે રાજકોટ ટીઆરપી ગેમ ઝોન દ્વારા કોઈ મંજૂરી લેવામાં આવી નહોતી. મોટી સંખ્યામાં લોકોના મૃત્યુ થયા એમાંય બાળકોના મૃત્યુ થયા તે હત્યાથી ઓછું નથી. નિયમોના પાલન કરવામાં જ ન આવ્યા. અરજદારે દાવો કર્યો હતો કે આ ગેમ ઝોન એક ગેરકાયદે જગ્યાએ ચાલતું હતું છતાં તંત્ર અને પોલીસ દ્વારા આંખ મીચામણાં કરાયા હતા. તેના પર ગુજરાત હાઈકોર્ટે રાજકોટ મહાનગરપાલિકાના ઢીલાવલણ અને ત્રણ વર્ષ સુધી કોઈ કાર્યવાહી ન કરવા મુદ્દે આકરી ઝાટકણી કાઢી હતી.

## પશ્ચિમ બંગાળમાં ચક્રવાત રેમાલે મચાવ્યું તબાહીનું તાંડવ





**મુખ્ય સમાચાર, કોલકત્તા**

બંગાળની ખાડીમાં ઉદ્‌ભવેલું ચક્રવાત રેમાલ બંગાળના દરિયાકાંઠે ત્રાટક્યું છે. જેના કારણે અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ભારે પવનના કારણે અનેક વિસ્તારોમાં વૃક્ષો પણ ધરાશાયી થયા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ચક્રવાતી વાવાઝોડાના લેન્ડફોલ સમયે ૧૩૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો અને આ દરમિયાન રેમાલ પદ્ગમિ બંગાળના સાગર દ્વીપ અને બાંગ્લાદેશના ખેપડા વચ્ચેના દરિયાકાંઠે અથડાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ચક્રવાતી તોફાન હવે નબળું પડ્યું છે. કેન્દ્ર અને રાજય સરકાર સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. વાવાઝોડાથી ૧નું મોત થયું છે.

પ્રિ-મોન્સૂન સિઝનમાં બંગાળની ખાડીમાં ત્રાટકેલા આ પ્રથમ ચક્રવાત અંગે હવામાન વિભાગે જણાવ્યું હતું કે જયારે રેમાલ દરિયાકિનારે અથડાયું ત્યારે દરિયામાં ખૂબ ઊંચા મોજા ઉછળ્યા હતા. ચક્રવાત લેન્ડફોલ થતાં, બંગાળ અને ઉત્તર ઓડિશા, આસામ અને મેઘાલયના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદ થયો હતો. ૨૭-૨૮ મેના રોજ મણિપુર, નાગાલેન્ડ, અરૂણાચલ પ્રદેશ અને ત્રિપુરામાં ભારેથી અતિ ભારે વરસાદની અપેક્ષા છે.

હવામાન વિભાગએ ચક્રવાત રેમલને લઈને નવીનતમ માહિતી આપી છે. ઈંખઉ અનુસાર, ઉત્તર બંગાળની ખાડી પર આવેલું ગંભીર ચક્રવાતી તોફાન નરેમલથ છેલ્લા ૦૬ કલાક દરમિયાન ૧૩ કિમી પ્રતિ કલાકની ઝડપે લગભગ ઉત્તર તરફ આગળ વધ્યું છે. તે પદ્ગમિ બંગાળમાં મોંગલાના દક્ષિણ-પશ્ચિમ નજીક સાગર દ્વીપ અને ખેપુપારા વચ્ચે બાંગ્લાદેશ અને અડીને આવેલા પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાને પાર કરે છે. આ ગંભીર ચક્રવાતી તોફાન દરમિયાન પવનની ગતિ ૧૧૦ થી ૧૨૦ કિમી પ્રતિ કલાકથી વધીને ૧૩૫ કિમી પ્રતિ કલાક થઈ ગઈ હતી.

## ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં રાજકોટ બાર એસો.ના કોઈ વકીલ આરોપીનો કેસ નહીં લડે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં આગની ઘટનામાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ ગોઝારી દુર્ઘટનાને લઈને રાજકોટ બાર એસોસિએશન દ્વારા મોટો નિર્ણય લીધો છે. એસોસિએશનના પ્રેસિડેન્ટ બકુલ રાજાણીએ જણાવ્યું કે, 'મૃતકોની આત્માને શાંતિ મળે તે માટે અમે નિર્ણય લીધો છે કે કોઈ પણ વકીલ આરોપીનો કેસ લડશે નહીં. મને આશા છે કે ૩૫૦૦ વકીલો જોડાશે. તેમ છતાં જો કોઈ વકીલ બહારથી આરોપીઓનો કેસ લડશે તો તેમને રોકવા માટે પણ અમે પૂરતા પ્રયાસ કરીશું. તેમજ જવાબદાર અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવવી જોઈએ.'



રાજકોટ બાર એસોસિએશનના વાઈસ પ્રેસિડન્ટ સુરેશ ફળદુએ જણાવ્યું હતું કે, 'રાજકોટ બાર એસોસિએશન દ્વારા એક ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. જેમાં રાજકોટ બાર એસોસિએશનમાં જોડાયેલા તમામ સભ્યોને જે આરોપીઓ છે, જવાબદાર છે તેવા કોઇપણ આરોપી તરફથી રાજકોટ બાર એસોસિએશનના સભ્યોએ વકીલાત કરવાની નથી. કોઈપણ પ્રકારના લાયસન્સ વગર આટલા વર્ષોથી આ ગેમ ઝોન ચાલુ હતું અને અધિકારીઓ પણ પોતાના પરિવારને લઈને ગયા છે, ત્યારે આ અધિકારીઓને પણ આવું દેખાતું નથી કે આમા કોઈપણ પ્રકારની પરવાનગી કે લાયસન્સ નથી. હમણા અમુક લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ કરવાનો મતલબ કે આ લોકો ક્યાંકને ક્યાંક કસૂરવાર છે.

અગ્નિકાંડ મુદ્દે રાજકોટ બાર એસોસિએશનના વાઈસ પ્રેસિડન્ટ સુરેશ ફળદુએ જણાવ્યું હતું કે, 'ગુજરાતમાં આવી અસંખ્ય ઘટનાઓ ઘટી છે. ઘણા લોકોએ પરિવારના સ્વજનો ગુમાવ્યા છે. કોઈ અધિકારીને કંઇ લાગતું વળગતું ન હોય એ રીતે સહેલાયથી આ બધી બાબતોને જોવામાં આવે છે. અત્યાર સુધીની ઘટનામાં કોઈ અધિકારીને સંડોવવામાં આવતા નથી. મુખ્ય જવાબદાર અધિકારીઓ હોય છે. એ અધિકારીઓ આવા પીળા પરવાના આપી દેતા હોય, જેના કારણે નિર્દોષ લોકોને જીવ ગુમાવવો પડે છે. આ ઘટનાને હળવાશથી ન લેવી જોઈએ. રાજકોટ બાર એસોસિએશન જે લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમના પરિવારજનોની સાથે છે. અમારાથી બનતા પ્રયાસો કરવામાં આવશે અને મદદરૂપ થઇશું. પોલીસ કમિશનરને જે કંઇ રજૂઆત કરવી પડતી હશે તે રજૂઆત કરીશું. તપાસ પારદર્શક થાય, જે કંઈ ક્ષતિ છે તેને દૂર કરવામાં આવશે. આજે પણ જે આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવશે, તેમાં રાજકોટ બાર એસોસિએશનની ટીમ ખડે પગે રહેશે.'

ઉલ્લેખનીય છે કે, ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડનો મામલો હવે ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. આ મામલે સુઓમોટો હાથ ધરતાં હાઈકોર્ટે આજે બીજી વખત સુનાવણી કરી હતી જેમાં રાજકોટ મહાનગરપાલિકાનો ઉધડો લઈ નાખ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે તંત્ર અને સરકારનો ઉધડો લેતા કહ્યું હતું કે, 'અમને સરકાર અને તંત્ર પર ભરોસો નથી. કોઈ પણ મંજૂરી વિના ત્રણ વર્ષથી ગેમ ઝોન ચાલતું હતું તો RMC શું કરતું હતું?' આટલું જ નહીં કોર્ટે કમિશનરને પણ તતડાવતા આકરા સવાલ કર્યા હતા.અત્યાર સુધીની માહિતી મુજબ રાજકોટ અગ્નિકાંડ બાદ બે આસિસ્ટન્ટ એન્જિનિયર, બે ડેપ્યુટી એન્જિનિયર અને બે પોલીસ ઈન્સપેક્ટરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે અગ્નિકાંડ બાદ એવા આરોપો લાગી રહ્યા હતા કે મસમોટા ગેમ ઝોનને કોઈપણ પ્રકારની પરવાનગી કે સુરક્ષાના માપદંડો જેમ કે ફાયર સેફ્ટી, એક્ઝિટ-એન્ટ્રી ગેટ ચેક કર્યા વિના જ મંજૂરી આપી દેવામાં આવી હતી. જેના પગલે આ મોટી હોનારત સર્જાઈ અને મોટી સંખ્યામાં જાનહાનિ પણ થઈ.

## અગ્નિકાંડના જવાબદારો સામે માત્ર તપાસ જ નહીં પરંતુ સજા કરવાની હીંમત કેળવોઃ લોકોમાં ઉઠતો રોષ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના નાના મવા રોડ પર સયાજી હોટલ પાસે આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં તા.૨૫ના શનિવારે બપોર બાદ સર્જાયેલા અગ્નિકાંડના પડઘા પૂરા ગુજરાતમાં પડયા છે. નવથી વધુ બાળકો સહિત ૨૮થી વધુ લોકો આ આગમાં એટલી હદે ભડથુ થઇને મૃત્યુ પામ્યા કે તેમની ઓળખાણ માટે ડીએનએ ટેસ્ટની વ્યવસ્થા કરવી પડી છે.



આ કરૂણ ઘટનાએ વધુ એક વખત રાજય સરકારની સિસ્ટમ, મહાપાલિકા, પોલીસ, કલેકટર, વીજ તંત્ર સહિતના વિભાગોની ઘોર બેદરકારી અને નિયમના પાલનમાં ઉપેક્ષાને ખુલ્લી પાડી દીધી છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં આવી અર્ધો ડઝન જેટલી ઘટના બની છે. પરંતુ આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તેવી કોઇ ગેરંટી સરકારની તપાસ કે પોલીસની કાર્યવાહી આપી શકી નથી ત્યારે આવા પરિવારજનોની નહાયથથી પણ કર્તાહર્તાઓએ ડરવાનો વખત આવી ગયો છે.

રાજયમાં ૨૦૧૯માં સુરતમાં આવેલા તક્ષશીલા બિલ્ડીંગમાં કોચિંગ કલાસમાં લાગેલી આગમાં વિદ્યાર્થીઓ સહિત ૨૨ના મૃત્યુ થયા હતા. બિલ્ડીંગ ઉપરથી જીવ બચાવવા છાત્રો કૂદતા જોવા મળ્યા હતા. ૨૦૨૨માં દિવાળી બાદ મોરબીનો ઐતિહાસિક ઝુલતો પુલ મચ્છુ નદીમાં ખાબકતા ૧૪૧ જીવ ગયા હતા. જાન્યુઆરી મહિનામાં જ વડોદરા નજીકના જ હરણી તળાવમાં શાળાના વિદ્યાર્થીઓની પીકનીક બોટ ડૂબતા ૧૨ બાળકો અને બે શિક્ષકના મૃત્યુ થયા હતા.

## ગેમઝોનની દુર્ઘટનાના પગલે બે પીઆઈ સહિત છ અધિકારીઓ સસ્પેન્ડ

### પીઆઈ વી.આર.પટેલ, એમ.આઈ.રાઠોડ, મનપાના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર, આસિસ્ટન્ટ એન્જિનિયર, માર્ગ મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર સામે કાર્યવાહી કરાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર ગેમ ઝોનમાં સર્જાયેલ દૂર ઘટનાના પગલા ૨૮ થી વધુ લોકો મોતના મુખમાં ધકેલાય ગયા હોય જેના પગલે સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચી જવા પામ્યો છે. ત્યારે તંત્રની બેદકારીના કારણે આ અગ્નિકાંડ સર્જાયેલો હોય અને તાત્કાલીક જવાબદારી સામે કાર્યવાહી કરવા ની માંગ ઉઠતા તંત્ર દવારા કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય જેમાં બે પીઆઈ સહિત છ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

શહેરના કાલાવડ રોડ પર આવેલ ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગના કારણે ૨૮ લોકો ભીષણ આગમાં ભુજાય ગયા હોય જેના પગલે સમગ્ર ગુજરાતની જનતામાં રોષ ભભૂકી ઉઠયો છે. અને સરકાર દવારા પણ આ ઘટનાના પગલે સીટની રચના કરી તાત્કાલીક ધોરણે જવાબદારો સામે કાર્યવાહી કરવાના આદેશો કરવામાં આવ્યા છે. તપાસમાં તંત્ર વાહકોની અને પોલીસની ઘોર બેદરકારી સામે આવી છે. ટીઆરપી ગેમ ઝોનમાં ફાયર સેફ્ટીની કોઈ મંજૂરી ન હોય અને તંત્રમાં ચાલતા લોલમલોલના કારણે છેલ્લા બે વર્ષથી ગેમ ઝોન ધમધમી રહ્યો હોય અને સંચાલકોની ઘોર બેદરકારીના કારણે અગ્નિકાંડ સર્જાયો હતો. જેના પગલે તંત્રના જવાબદાર સામે સરકાર દવારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં તાલુકા પોલીસ મથકના અગાઉના પીઆઈ વી.આર.પટેલ, પીઆઈ એન.આઈ. રાઠોડ તથા મહાનગર પાલિકાના આસિસ્ટન્ટ ટાઉન્ટ પ્લાનર ગૌતમ જોષી, આસિસ્ટન્ટ એન્જિનિયર જયદીપ ચૌધરી માર્ગ મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર સુમા સહિત છ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

## દુર્ઘટના બાદ ઝડપાયેલા મેનેજર અને સંચાલકોએ કાયદાથી છટકવા ફાયર સેફટીના સાધનોની ખરીદીના બીલ રજુ કર્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ પર આવેલા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ સવારથી કોર્પોરેશન અને પોલીસ તંત્ર દ્વારા ફાયર-સેફ્ટી-પરમીશન સહીતના વિવિધ પ્રશ્ને તપાસ હાથ ધરી છે. આ તપાસમાં ગેમઝોનને ડેથઝોન બનાવનાર મેનેજર અને ગેમઝોનના સંચાલકોએ કાયદાની છટકબારી રૂપે ફાયર સાધનોના બિલો રજુ કરવામાં આવ્યા છે. જયારે ફાયર એનઓસી મેળવવા માટે કોર્પોરેશનમાં અરજી કરી હોવાનું રટણ કરી રહ્યા છે. પરંતુ કોર્પોરેશનમાં આ અંગેની કોઈપણ પ્રકારની અરજીઓ આવી નથી.

ટીઆરપી ગેમઝોનમાં થયેલા અગ્નિકાંડ બાદ સફાળા જાગેલા પોલીસ તંત્રએ મેનેજર તેમજ ગેમઝોનમાં કામ કરનાર વ્યકિતઓની અટકાયત કરી છે. પલીસ ચોપડે માત્ર એક જ ધરપકડ દેખાડાઈ છે. જયારે અન્ય ફરાર શખ્સોની શોધખોળ હાથ ધરી છે. પોલીસ અને કોર્પોરેશનની ટીમ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. કોર્પોરેશનની ટીમે ફાયર સેફ્ટીના સાધનોના બિલ દેખાડીને કાયદાની છટકબારીનો સહારો લીધો હતો. જયારે ઘટનાસ્થળે ફાયરના એક પણ સાધનો દેખાયા ન હતા. જે મસમોટી લાંબી પાણીની પાઇપલાઇન દેખાઇ તેમાં છેડે મોટર સાથે કનેકશન આપવામાં આવ્યું હતું નહીં.

## ગેમઝોન અગ્નિકાંડમાં ઉચ્ચ અધિકારીઓ સામે ફરિયાદ દાખલ કરોઃ શક્તિસિંહ ગોહીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ રાજકોટની જે દુઃખદ ઘટના બની તે કરુણ ઘટના અંગે રાજકોટમાં કોંગ્રેસ કાર્યાલય ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રમુખ રાજ્યસભાના સાંસદ શક્તિસિંહજી ગોહિલે જણાવ્યું હતું કે અતિ દુઃખદ અને કરુણ ઘટના રાજકોટમાં બની છે ગેમ ઝોનમાં આગ લાગવાના કારણે સાચો આંકડો બહાર આવશે કે કેમ ? હાલતો 30 વ્યક્તિએ જાન ગુમાવ્યા છે રાજકોટ ખાતે પથ્થર દિલ હદય પણ રડી પડે એ પ્રકારની આ ઘટનામાં બાળકોના ટુકડે ટુકડા અને માનવ અવશેષો પ્રાપ્ત થાય એ પ્રકારની આ ઘટના બની છે. માણસના જીવની કોઈ કિંમત નથી સંપત્તિ પણ માણસને જીવ પરત નથી આપી શકતા કોઈપણ એસઆઇટી કે સરકારના શબ્દો પણ તેને જીવ આપી શકવાના નથી.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

બંધારણ પ્રમાણે સરકારની જાણ માલ અને મિલકતની સુરક્ષા ની જવાબદારી છે એકાદ કોઈ ઘટના બને તો સરકારે બોધ પાઠ લેવો જોઈએ પરંતુ આ સરકાર સુરતની તક્ષશિલામાં બાળકો સુરતમાં જે પરિવારે પોતાના પરીવારો ચોધાર આંસુએ રડી પડે એ પ્રકારની તક્ષશિલા ની ઘટનામાં આજે પણ ન્યાય હજુ સુધી પરિવારોને મળેલ નથી મોરબી નો પુલ તૂટ્યો મોટા માથાઓ કે સરકાર જવાબદારોનો સ્વીકાર કરતી નથી વડોદરામાં હરણી લેકમાં નાના ભૂલકાઓમાં નાના બાળકો મૃત્યુ થાય બ્રિજનું ઉદઘાટન પહેલા બ્રિજ તૂટી પડે બ્રિજ જે બનાવતી હતી તે બ્લેક લિસ્ટ થયેલી કંપની ને ભાજપ નાણા આપે બ્લેકલિસ્ટ માંથી તે કંપની નીકળી ગઈ.

રાજકોટમાં નાનું એવું બાંધકામ પણ મંજૂરી વગર ચાલે તો તે સમજી શકાય પરંતુ આ પ્રકારે ચડે ચોક ચાર ચાર વર્ષથી બાંધકામ અને ગેરકાયદેસર ગેમ ઝોન ચાલે છતાં તંત્ર બેદરકાર રહે તે કેટલે અંશે વ્યાજબી છે અને આ ગેમ ઝોન ફાયર સેફ્ટી ના તમામ નિયમોને છડે ચોક ઉલંઘન થયું છે. અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે જે વ્યંજનમાં આ બનાવ બનેલ છે તેમાં નાના અધિકારીઓ ઉપર પગલા લીધા જયારે મેયર મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ અધિકારીઓ ના ફોટા સોશિયલ મીડિયામાં જતા હોય ત્યાં નાના અધિકારીને સસ્પેન્ડ કરવાને બદલે માં મોટા અધિકારીઓ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓની પણ જવાબદારી બનતી હોય તેઓની સામે પણ એફઆઇઆર કરવી ઘટે.

પરેશભાઈ ધાનાણીએ જણાવ્યું હતું કે રાજકોટનો આ બનાવ પહેલો બનાવ નથી આ છેલ્લો બનાવ બને તેવું આપણે બધાએ ઈછીએ સરકારના કાયદા ઘડે છે તે પાલન કરવાની જવાબદારી રાજકોટ મહાનગરપાલિકા પાસે હોય છે ત્યારે મહાનગરપાલિકા આ કાયદાની અમલ વારી કરવામાં ઉણું ઊતર્યું છે જો કામદાર ક્યાંય ક્ષતી કરે તો સુપરવાઇઝર ની જવાબદારી બને છે તે જ પ્રકારે નાના મગર માછલાઓને પકડી મગરમચ્છો ને જે રીતે છોડી દેવામાં આવે છે તે કેટલે અંશે વ્યાજબી છે તક્ષશિલામાં ૨૨ બાળકો હરણી તળાવ વડોદરામાં ૧૪ જિંદગીઓ ડૂબી જાય મોરબીના ઝુલતા પુલમાં મચ્છુની ગોદમાં કેટલાય જેવ સમાઈ જાય સરકારની નિષ્ફળતા ઊભી થાય ત્યારે એસઆઇટીની રચના કરે છે ૨૦ વર્ષ પછી પણ એસઆઇટીનો અહેવાલ સત્યની નજીક કેમ જતો નથી સીટની રચના એ પડદો પાડવાની બાબત છે ચાર વર્ષથી ગેમ ઝોનનું કોઈ પણ પ્રકારની મંજૂરી લીધા વગર ચાલતું હતું આ મોતના તાંડવ માટે જવાબદાર કોણ અધિકારીઓ ઇવેન્ટમેનેજર બની ગયા છે એડમિનિસ્ટ્રેશન ખાડે ગયું છે જેનો ભોગ ગુજરાતની પ્રજા અને ભૂલકાઓ બની રહ્યા છે હવે સાથે મળી ગુજરાતના જન જનની સુરક્ષા કરીએ રાજનીતિ બંધ કરવી જોઈએ.

પત્રકાર પરિષદમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, ધારાસભ્ય ઋત્વિક ભાઈ મકવાણા, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ, લલીતભાઈ વસોયા, લલીતભાઈ કગથરા ગુજરાતના ગજબઈ પ્રમુખ નરેન્દ્ર સોલંકી સહિત પ્રદેશ કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી મહાનગરપાલિકામાં નીતિ નિયમો નેવે મુકી ગેરકાયદેસર રીતે કર્મચારીની ભરતી થયેલ છે તે રદ કરવા કોંગ્રેસે કરી માંગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર ની કહેવાતી એ ગ્રેડ ની નગરપાલિકા માં હાલ વહીવટદાર નું શાસન ચાલી રહિયુ છે અને તેના પર મોરબી માળિયા ના ધારાસભ્ય ની પકડ છે તેમ તેઓ વારંવાર નિવેદન કરી ને ખુદ મોરબી ના ધારાસભ્ય કહે છે.


જાણવા મળતી માહિતી મુજબ મોરબી નગરપાલિકા એ તાજેતર માં આશરે ૮થી ૧૦ લોકો ની ભરતી કરેલ છે જેમાં તમામ નિયમ નેવે મૂકી ને કોઈ ની ભલામણ થી આ કર્મચારી ની ભરતી કરવા માં આવેલ છે તેવી નગરપાલિકા સ્ટાફ માંથી માહિતી મળેલ છે


આમ નગરપાલિકા ના વહીવટદાર મારફત કોઈ પણ જાહેરાત કે સરકાર ની મંજુરી વગર ભરતી કરવા માં આવી રહેલ છે તે કેટલી વ્યાજબી છે ના કોઈ કરાર કે ના કોઈ લાયકાત ફકત ને ફકત મોરબી ના ધારા સભ્ય ના કહેવાથી આવી ગેરકાયદેસર ભરતી કરી પ્રજા ના ટેકસ ના પૈસા નો ગેરઉપયોગ કરી નગરપાલિકા ઉપર આર્થિક ભારણ નાખવા માં આવું રહેલ છે તે કેટલી હદે વ્યાજબી છે.

આ બાબત ગાંધીનગર શહેરી વિકાસ સચિવ ને લેખિત રજૂઆત કરી છે જેમાં જણાવેલ છે કે નગરપાલિકા માં ચાલતા ગેરકાયદેસર ની ભરતી ને બંધ કરી જે લોકો ની કોઈ પણ જાહેરાત કે મંજુરી વગર કરેલ ભરતી કેન્સલ કરી આ ભરતી કરનાર અધિકારી અને ભલામણ કરનાર ની પાસે થી ચૂકવાયેલ પગાર ની રકમ વ્યાજ સહિત વસૂલ કરી દાખલ રૂપ કાર્યવાહી કરવા માં આવે અને નગરપાલિકા ના પરાણે બની બેઠેલા બોસ મોરબી માળિયા ના ધારાસભ્ય આ બાબતે પોતાના ની પ્રતિક્રિયા આપે અને આવી ગેરકાયદેસર ભરતી કરેલ લોકો ને તાત્કાલિક અસર થી છુંટા કરવી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવા માટે સરકાર માં રજૂઆત કરે તેમ મોરબી શહેર કોંગ્રેસ નાપૂર્વપ્રમુખમહેશરાજ્યગુરુ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના માલધારી સેલ ના પૂર્વ ઉપપ્રમુખ રમેશ રબારી ની પ્રેસ યાદી જણાવે છે

# રાજકોટમાં બનેલી ગોઝારી દુર્ઘટનાને પગલે જામનગરનું તંત્ર હરકતમાં









**મુખ્ય સમાચાર, રાજકોટ**


જામનગરનું વહીવટી તંત્ર પણ હરકતમાં આવ્યું રાજકોટના TRP ગેમઝોનમાં આગની દુર્ઘટના બાદ જામનગરનું વહીવટી તંત્ર પણ હરકતમાં આવ્યું છે. જામનગર મનપા, પોલીસ અને વીજ કંપનીના અધિકારીઓની એક ટીમ બનાવી શહેરમાં ચાલતા ગેમઝોનની તપાસ હાથ ધરવામાં આવી છે. જ્યાં સુધી સરકારનો આદેશ ન થાય ત્યાં સુધી તમામ ગેમઝોન બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.જામનગરમાં ગેમઝોનની તપાસ માટે રચાયેલી ખાસ ટીમ દ્વારા શહેરની ઠેબાચોકડી પાસે આવેલા JCR મોલમાં ચાલતા ગેમઝોનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા જ્યાં સુધી નવો આદેશ ન થાય ત્યાં સુધી શહેરના તમામ નાના મોટા ગેમઝોન બંધ કરાવી દેવામાં આવ્યા છેજામનગર મહાનગરપાલિકા તેમજ ખાસ બનાવેલી ટીમ ઠેબા ચોકડી નજીક આવેલ ઉંઈછગેમ ઝોનમાં પહોંચ્યા તેમાં સીટી એન્જિનિયર ભાવેશ જાની, ડીવાયએસપી અને પીજીવીસીએલના અધિકારી દ્વારા ખાસ ચકાસણી કરવામાં આવી છે, તે જ રીતે શહેરમાં નાની મોટી કોઈપણ જગ્યાએ મનોરંજન રાઈડ કે અન્ય ગેમ ઝોન ચાલી રહ્યા છે. તે તમામ ગેમઝોનની ચકાસણી કરવામાં આવશે અને તંત્ર દ્વારા કડક કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે.ત્રણ ખાસ ટીમની રચના કરવામાં આવી છે

રાજકોટની ઘટના બાદ રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ એક ટીમનું ગઠન કરવામાં આવ્યું છે. જેમાં સીટી એન્જિનિયર ડીવાયએસપી, ચીફ ફાયર ઓફિસર, સીટી મામલતદાર, પીજીવીસીએલના ડેપ્યુટી એન્જિનિયર તેમજ જામનગર મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા, લાઈટ શાખા, એસ્ટેટ શાખા ટીમ દ્વારા જામનગર શહેરમાં સંપૂર્ણપણે ૧૩ થી ૧૪ લોકેશનમાં જેમાં મોટા ગેમ ઝોન કહી શકાય તે જેસીઆર માં અને બીજા બાર જેટલા વીડિયો પાર્લર છે તેમાં ચકાસણી કરવામાં આવશે જે ગઈકાલે રાત્રિના જ તમામ બંધ કરી દેવામાં આવ્યા હતા અને રાજ્ય સરકારની અન્ય સૂચના ન મળે ત્યાં સુધી બંધ રાખવામાં આવશે. તેમ જ ઓપન મેળા કે મનોરંજન રાઈડ અને તેની સ્ટ્રક્ચર સ્ટેબિલિટી તેનું લાઇસન્સ તેમજ મનોરંજન પર્ફોર્મન્સ લાયસન્સ સહિત તમામ લાયસન્સ ચેક કરવામાં આવી રહ્યા છે અને જ્યાં સુધી સરકારનો આદેશ ન કરવામાં આવે ત્યાં સુધી તમામ ગેમ બંધ રાખવામાં આવશે.

# મોરબીમાં સસ્તી દારૂ બ્રાન્ડેડ બોટલમાં ભરી વેચાણ કરવાનાં કૌભાંડનો પર્દાફાશ કરતી ક્રાઇમ બ્રાંચ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસે પૂર્વ બાતમીને આધારે મોરબીના રણછોડનગર ખાતે દરોડો પાડી સસ્તી ઇંગ્લીશ દારૂની બોટલોમાંથી બ્રાન્ડેડ ઇંગ્લીશ દારૂની બોટલો બનાવી વેચવાનુ કારસ્તાન પકડી પાડવામાં આવ્યું છે. આ સાથે ક્રાઇમ બ્રાંચ પોલીસે સ્થળ ઉપરથી અલગ અલગ બ્રાન્ડની ૭૫૦એમએલ ની ૪૧ કિ. રૂ.૧૪,૩૫૦/- તથા સ્ટીકરો, અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ખાલી બોટલો સહિતનો મુદામાલ કબ્જે કર્યો હતો. દરોડા દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ઝડપી લેવા શોધખોળ શરૂ કરી છે. હાલ પોલીસે આરોપી સામે તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.




મોરબી લોકલ ક્રાઇમ બ્રાંચ સ્ટાફના હેડ.કોન્સ. નિરવભાઇ મકવાણા તથા પો.કોન્સ. દશરથસિંહ પરમારને સયુંકતમાં ખાનગીરાહે હકિકત મળેલ કે,મોરબીમાં રણછોડનગર સાઇબાબા મંદિરની આગળની શેરીમાં ભાડેથી મકાન રાખી તે મકાનમાં અલ્તાફભાઇ ઉર્ફે રાજા સોકતભાઇ ખોડ બહારથી ભારતીય બનાવટનો સસ્તો ઇંગ્લીશ દારૂ લાવી તે સસ્તી ઇંગ્લીશ દારૂની બોટલોમાંથી ઇંગ્લીશ દારૂ કાઢી મોંઘી ઇંગ્લીશ દારૂની બોટલોમાં ભરી બ્રાન્ડેડ કંપનીના સ્ટીકરો લગાવી ચોડી મોંઘા ભાવે ઇંગ્લીશ દારૂની બોટલોનુ વેચાણ કરે છે. જે હકીકત આધારે આરોપીના કબજા ભોગવટા વાળા મકાને રેઇડ કરતા પોલીસને સ્થળ ઉપરથી ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂ, ખાલી બ્રાન્ડેડ દારૂની બોટલો, સ્ટીકરો, ઢાંકણા, વિગેરે સાધનસામગ્રી કિ. રૂ.૧૪,૪૯૦/-નો મુદામાલ મળી આવેલ હોય આ સાથે દરોડા દરમિયાન આરોપી અલ્તાફભાઇ ઉર્ફે રાજા સોકતભાઇ ખોડ રહે. મોરબી જોન્સનગરવાળો હાજર મળી આવેલ ન હોય જેથી પોલીસે આરોપી અલ્તાફ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ પ્રોહી એકટ સહિતની અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા જુદી જુદી દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# હળવદના દેવીપુર ગામે કેનાલ પરથી ચોરાયેલ પાણીની મોટરનો ભેદ ઉકેલાયો:તસ્કર ત્રિપુટીને દબોચી લેવાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે હળવદ તાલુકાના દેવીપુર ગામની સીમમાં કેનાલ ઉપર જુદી જુદી છ જગ્યાએથી ઈલેક્ટ્રીક મોટરોની ચોરીનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી તસ્કર ત્રિપુટીને ચોરીમાં ગયેલ પાણીની મોટર તથા ઇકો કાર સાથે ઝડપી લેવામાં આવ્યા છે.





મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના દેવીપુર ગામ નજીક આવેલ કેનાલ ઉપર સિંચાઈ માટે લગાવવામાં આવેલ પાણીની છ મોટરની તા.૨૫ મે ૨૦૨૪ ના સાંજના પાચેક વાગ્યાથી તા.૨૬ મે ૨૦૨૪ સવારના સાડા નવેક વાગ્યાના સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ હળવદ પોલીસમાં નોંધાઈ હતી. જેથી હળવદ પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

ઉપરોક્ત નોંધાયેલ એક સાથે છ પાણીની મોટરની ચોરીની ફરિયાદની ગંભીરતાને ધ્યાને લઇ હળવદ પોલીસ માથાકના પીઆઈ આર.ટી.વ્યાસ તથા ઈન્ચાર્જ પીઆઇ વી.પી.ગોલ દ્વારા અલગ અલગ ટીમો બનાવી અગાઉ ચોરીના ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓની વોચમાં રહી અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરી આરોપીઓને શોધી કાઢવા માર્ગદર્શન આપેલ હોય, તે અન્વયે હળવદ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એ.એસ.સીસોદીયા પોતાની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ ખાનગી હકીકત આધારે હળવદ-મોરબી ચોકડી ખાતેથી ઈકો ગાડીમાં આવેલ ત્રણ ઈસમોને પકડી પાડી ઈકો ગાડીમાં ઉપરોક્ત ગુનામાં ગયેલ મુદામાલ ઈલેક્ટ્રીક મોટરો નંગ-૬ કિં.રૂ.૬૦,૦૦૦/- સાથે મળી આવતા આરોપી સંતોષભાઈ વેલજીભાઈ રાઠવા ઉવ.૩૦ રહે.હાલ. દેવીપુર ગામે દેવજીભાઈ જેરામભાઈની વાડીએ તા.હળવદ જી.મોરબી મુળરહે. પુંજારા ફળીયું ગામ.મોટા રામપુરા તા.જી.છોટાઉદેપુર, વિક્રમભાઈ પીમલાભાઈ રાઠવા ઉવ.૨૨ રહે.હાલ.લઘધીરપુર મોરબી મુળરહે. આંબલી ફળીયું બીલવાંટ ગામ તા.જી.છોટાઉદેપુર તથા બિસન સવલસિંહ કલેશ ઉવ.૨૮ રહે.હાલ. લઘધીરપુર મોરબી મુળ રહે. કલેશ ફળીયું છોટાગુડા પો.સ્ટ જી.અલીરાજપુરને ઝડપી લેવામાં આવ્યા હતા ત્યારે આરોપીઓ પાસેથી ઈલેક્ટ્રીક મોટરો (દેડકા) નંગ-૦૬ કિં.રૂ.૬૦,૦૦૦/- તથા ઈકો ગાડી કિં.રૂ.૧,૦૦,૦૦૦/- નો મળી કુલ કિં.રૂ.૧,૬૦,૦૦૦/- મુદામાલ કબ્જે લઇ ત્રણેય આરોપીને ડીટેઈન કરી હળવદ પો.સ્ટે લાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેરના કોઠારીયા ગામે દંપતી ઉપર ચાર શખ્સોએ કર્યો હુમલો

## નાના ભાઈએ કરેલા પ્રેમલગ્નનો ખાર રાખી મોટા ભાઈ-ભાભીને ધોકા પાઇપ વડે માર માર્યો

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના કોઠારીયા ગામના વતની જે હાલ રાજકોટ રહેતા હોય ત્યારે પોતાના ગામ લગ્ન પ્રસંગમાં પતિ પત્ની આવ્યા હોય ત્યારે નાના ભાઈએ કરેલા પ્રેમલગ્નનો ખાર રાખી ગામના જ ચાર શખ્સોએ દંપતીની કાર આંતરી બંનેને કારમાંથી બહાર ખેંચીને લાકડાના ધોકા, પાઇપ તથા ઢીંકાપાટુનો માર મારી ચારેય શખ્સો નાસી ગયા હતા. ત્યારે સમગ્ર બનાવ મામલે ભોગ બનનાર દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી ચારેય શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી આરોપીઓની અટકાયત કરવાની કાર્યવાહી હાથ ધારી છે.

સમગ્ર બનાવની પ્રાપ્ત માહિતી મુજબ મૂળ વાંકાનેરના કોઠારીયા ગામના વતની હાલ રાજકોટ કોઠારીયા રોડ સ્થિત સાપલીયા પાર્કમાં રહેતા કેતનભાઈ દિલીપભાઈ કોબીયાએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી સંજયભાઇ પ્રેમજીભાઇ મકવાણા, જેરામભાઇ મનજીભાઇ મકવાણા, જયસુખભાઇ રાજુભાઇ મકવાણા, અમિત રાજુભાઇ મકવાણા રહે. તમામ કોઠારીયા તા.વાંકાનેર જી.મોરબી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે અગાઉ આરોપી જેરામભાઈ મકાવાણાની દીકરી સાથે કેતનભાઈના નાના ભાઈ રાહુલભાઈએ પ્રેમલગ્ન કર્યા હોય તે બાબતનો ખાર રાખી કેતનભાઈ અને તેમની પત્ની કિરણબેન સંબંધીમાં લગ્ન હોય તેથી બંને પતિ-પત્ની કોઠારીયા ગામ ઇનોવા કાર જીજે-૦૩-ડીએન-૭૯૭૯ લઈને આવ્યા હોય ત્યારે ઉપરોક્ત આરોપી જેરામભાઈ તથા તેના ત્રણ સાથી સહીત કુલ ચાર આરોપીઓએ કેતનભાઈની ઇનોવા કાર આંતરી બંને પતિ-પત્નીને કારમાંથી બળજબરીપૂર્વક ખેંચીને બહાર ઉતારી દઈ લાકડાના ધોકા, પાઇપ તથા ઢીંકાપાટુનો માર મારવા લાગ્યા હતા અને કહેતા હતા કે તમારા આખા પરિવારને મારી નાખવો છે. ત્યારે ચારેય શખ્સો દ્વારા દંપતીને આડેધડ બેફામ માર મારી સ્થળ ઉપરથી નાસી ગયા હતા. ત્યારે કેતનભાઈ દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ચારેય આરોપી સામે ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધારી છે.

# જામનગરમાં શિવ શકિત મહિલા મંડળ દ્વારા મધ્યમ વર્ગના બહેનોને મેકઅપ અંગેની તાલિમ આપવામાં આવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં શિવ શક્તિ મહિલા મંડળ દ્વારા મધ્યમ વર્ગના બહેનો દુલ્હનને તૈયાર કરી શકે તે માટે મેકઅપની તાલીમ આપવામાં આવી હતી. મહિલાઓ સ્વયં તૈયાર થઇ નાણાંની બચત કરી શકે તે માટે આ સેમિનાર યોજાયો હતો.જામનગરમાં શિવ શક્તિ મહિલા મંડળ દ્વારા મધ્યમ વર્ગના બહેનોને બ્રાઇડ એટલે કે દુલ્હનને કેવી રીતે તૈયાર કરવી અને અન્ય બહેનોનો કેવી રીતે મેકઅપ કરવો તેનો સેમીનાર યોજાયો હતો. જેમાં નેહાબેન જાદવે મધ્યમ વર્ગના બહેનોને દુલ્હનને કેવી રીતે તૈયાર કરવી મેકઅપ કેમ કરવો અને સાઈડમાં બીજા બેહેનોને કેમ તૈયાર તેનું માર્ગદર્શન આપ્યું હતું. જેથી કરીને ભવિષ્યમાં મહિલા ઘરના પ્રસંગમાં દુલ્હનને સ્વયં તૈયાર કરી શકે. આટલું જ નહીં બહેનો પોતે જાતે તૈયાર થઈ શકે અને પોતાના ઘરમાં જે દુલ્હન હોય એને પણ એ તૈયાર કરી પૈસાની બચત કરી શકે. મધ્યમ વર્ગના બહેનોનો લગ્ન પ્રસંગમાં પૈસાની બચત કરી શકે તે માટે આ સેમિનારનું આયોજન કરાયું હતું.





# જામનગર વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ભાગોળે બેડીબંદરરોડ પર સ્થાનિક ગુના શોધકશાખાએ એક સોસાયટીમાંકારમાંથી દારૂની ૨૫૨ બોટલસાથે શખસને દબોચી લીધોહતો.જેની પુછપરછમાંસપ્લાયર-આયાતકાર સહિતચારના નામ ખુલ્યા હતા.જયારેડીકેવી સર્કલ નજીક યુનિકશોપીંગ સેન્ટરમાં પોલીસે એકદુકાનમાંથી દારૂની ૪૬૮ બોટલઅને બીયરના દશ ટીન સાથેશખસને સકંજામાં લીધો હતો.પોલીસસુત્રોમાંથી મળતીવિગત અનુસાર શહેરમાંસ્થાનિક ગુના શોધક શાખાનીટીમને પેટ્રોલિંગ વેળા બેડીબંદરરોડ પર એક સોસાયટીમાં કારમારફતે દારૂનો જથ્થો લાવવામાંઆવી રહયો હોવાની બાતમીમળી હતી જેના આધારે પોલીસેવોચ ગોઠવી રાધે ક્રિષ્નાસોસાયટીની છેલ્લી શેરીમાં કૂવાપાસે ઈકો મોટરની તલાશી લેતાઅંદરથી ઇંગ્લીશ દારૂની નાનીમોટી ૨૫૨ બોટલ મળી આવીહતી.આથી પોલીસે પ્રવીણસિંહબચુભા કેરને પકડી પાડીદારૂ-કાર સહિત રૂા.૩.૯૧લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.પોલીસ પુછપરછમાં તેણેદારૂ મંગાવનાર દિગુભા જીલુભા દલધુણીયા, વિશાલ સિંહ જાડેજા, ભારતીબા હેમતસિંહ કેર તથાપુનાના સપ્લાયર વિનોદ સહિત ચારના નામ આપતા પોલીસેતમામ સામે ગુનો નોંધી તપાસહાથ ધરી છે.શહેરના ડીકેવી સર્કલ નજીકયુનિક શોપીંગ સેન્ટરની એકદુકાનમાં દારૂનો જથ્થો હોવાનીબાતમી પરથી સીટી બી પોલીસેકોમ્પલેક્ષના ગ્રાઉન્ડ ફલોરમાંહરીશ હોટલમાં દરોડો પાડ્યોહતો.જે દરોડા દરમિયાનપોલીસને અંદરથી દારૂની નાનીમોટી ૪૬૮ બોટલ તથા બીયરના૧૦ ટીન મળી આવતા પોલીસેપ્રદીપ મેઘજીભાઈ ગોહિલનેપકડી પાડી દારૂ અને બીયરનોજથ્થો કબજે કર્યો હતો.





## મોરબીના મહેન્દ્રનગર નજીક એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી બાઈકની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મળતી માહિતી અનુસાર મહેન્દ્રનગર નજીક આવેલ રામદૂત હોમ્સ-૨ માં રહેતા મૂળ જૂનાગઢ જીલ્લાના સીમરોલી ગામના વતની ધવલ જેન્તીલાલ ભલાણીએ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં પોતાના હીરો કંપનીના સ્પ્લેન્ડર પ્લસ બાઈકની ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે. ધવલભાઈએ પોતાના બાઇક રજી. જીજે-૧૧-સીજે-૨૭૨૫ને ગત તા.૨૨/૦૫ના રોજ રાત્રીના સોમનાથ પાર્ક ૨ માં આવેલ રામદૂત હોમ્સ ૨ ના પાર્કિંગમાં પાર્ક કર્યું હતું જે બીજે દિવસે તા.૨૩/૦૫ના સવારમાં ઉપરોક્ત જગ્યાએ જોતા ત્યાં બાઈક મળી આવેલ ન હોય જેથી આજુબાજુમાં તપાસ કરતા જે ન મળી આવતા પ્રથમ ઈ-એફઆઈઆર નોંધાવ્યા બાદ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં રૂબરૂ ફરિયાદ નોંધાવતા પોલીસે બાઈક ચોરીની ફરિયાદ નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબીમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના અંતર્ગત સાપ્તાહિક સમર કેમ્પનું આયોજન કરાયું





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના મકનસર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે સ્ટુડન્ટ પોલીસ કેડેટ (જઈ) યોજના અનવ્યે જુનીયર તથા સીનીયર કેડેટ માટે તા.૨૫ મે ૨૦૨૪ થી તા.૩૧ મે ૨૦૨૪ સુધીના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે અનવ્યે તા.૨૬ મે ૨૦૨૪ના રોજ સમર કેમ્પમાં કરવામાં આવેલ પ્રવૃત્તિની રૂપરેખા જાહેર કરવામાં આવી છે.

મોરબી તાલુકાના મકનસર ખાતે આવેલ પોલીસ હેડ કવાર્ટરમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટના વિધાર્થીઓએ કેમ્પની શરૂઆત આત્માનો ખોરાક એટલે કે સૌ કોઈએ પ્રાર્થના થી કરી હતી, જેનાથી વિધાર્થીઓમા તાજગીનો સંચાર થયો હતો. ત્યારબાદ તમામ વિધાર્થીઓને સુર્યોદય જોવા માટે એકત્રીત કરવામા આવેલ બાદ ધ્યાન અને યોગના સત્ર બાદ પરેડનુ આયોજન કરવામાં આવ્યુ.જેમા શિસ્ત,અનુશાસન અને શારીરીક મજબુતી વિશે માહીતી આપવામા આવી.ત્યારબાદ અલ્પાહાર લીધા બાદ જઈ યોજના શુ છે અને તેને સંલગ્ન માહીતી માટે સત્રનુ આયોજન કરવામા આવ્યુ હતું.

જેમા નાયબ પોલીસ અધિક્ષક વાંકાનેર વિભાગના એસ.એચ.સારડા, રિઝર્વ પોલીસ ઇન્સપેકટર એસ.એમ.ચૌહાણ તથા મોરબી જીલ્લા શિક્ષણ વિભાગના અધિકારીઓ તથા ઈધ્ધત તથા Drill Instructors વગેરે ઉપસ્થીત રહ્યા હતા.આ સત્રમા અધિકારીઓએ SPC યોજના, જીવન મુલ્યો વિશે અને બચપન કેટલુ અમુલ્ય છે તેના વિશે તથા પોલીસ તંત્રની ભુમીકા વિશે પણ વિધાર્થીઓને માહિતગાર કર્યા હતા અને ભવિષ્ય માટે માર્ગદર્શિત કર્યા હતા. ત્યારે સમર કેમ્પમાં આવેલ વિધાર્થીઓએ SPC ના સમર કેમ્પ વિશે પોતાના અનુભવો અને પ્રતિભાવો આપી ખુશી વ્યકત કરી હતી. સત્ર પુર્ણ કરી તમામે બપોરનુ ભોજન લીધુ હતુ.

બપોર બાદ તમામ SPC કેડેટને કેમ્પ અર્થે ઘરેથી રવાના થયા ત્યારથી હાલ હાજર સમય સુધી શુ જોયુ, શુ કર્યુ, શુ શીખ્યા તે અંગેની ચર્ચા કરવામા આવી હતી. ત્યારબાદ રીસેસ સમયે તમામ ને હળવો નાસ્તો કરવવામા આવ્યો હતો. સાંજના સમયે તમામ SPC કેડેટને દંગલ ફિલ્મ બતાવવામા આવેલ .ત્યારબાદ પી.ટી ગણવેશમા એક રમત ગમતનો તાસ લેવામા આવેલ જેમા કેડટ દ્વારા ઉભી ખો, બેઠી ખો, મારદડી, સંગીત ખુરશી, જેવી સ્થાનીક રમતો રમવામા આવેલ હતી.

# મોરબીના જાંબુડીયા ગામ નજીકથી ચોરાઉ બાઈક સાથે શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન જાંબુડીયા ગામની સીમમાં રફાળેશ્વર-પાનેલી ચોકડી પાસે ચોરાઉ બાઈક સાથે એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. હાલ પોલીસે એન્જીન ચેસીસ નંબરના પોકેટકોપમાં સર્ચ કરી બાઇકને તેના માલિકને સોંપવાની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકા પોલીસ ટીમ. તાલુકા વિસ્તારમાં ચોરીના બનતા બનાવો અનુસંધાને પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મોરબી તાલુકાના જાંબુડીયા ગામની સીમ, રફાળેશ્વર-પાનેલી ચોકડી પાસે એક શખ્સ નંબર પ્લેટ વગરના હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્રો મોટર સાયકલ સાથે શંકાસ્પદ હાલતમાં નીકળતા તેને રોકી તેની પાસે વાહનના આર.ટી.ઓ ને લગત કાગળો તથા આર.સી.બુક બાબતે પુછતા પોતાની પાસે નહીં હોવાનુ જણાવતા પોલીસ હેડ કોન્સ. હરેશભાઇ આગલ તથા પોલીસ કોન્સ. રમેશભાઇ મુંધવાએ પોકેટ એપ મોબાઇલમાં મોટર સાયકલના એન્જીન નં. તથા ચેસીસ નં. આધારે સર્ચ કરતા ઉપરોક્ત બાઈક યુસુફભાઇ ઇસ્માઇલભાઇ લોખંડવાલા રહે. મોરબીવાળા નાઓની માલીકીનુ હોય જે વર્ષ ૨૦૨૨માં ચોરી થયા અંગે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ લખાવી હોવાનુ જાણવા મળેલ હતું. જેથી ચોરાઉ મોટર સાયકલ સાથે નીકળેલ આરોપી ઝાલાભાઇ રામજીભાઇ ઇન્દરીયા ઉવ.૪૯ રહે. જાંબુડીયા, મુળરહે. રાતાભેર તા.હળવદને પકડી લઇ આગળની તપાસ મોરબી તાલુકા મથક પીએસઆઇ દ્વારા હાથ ધરી છે.

# ગોઝારી ઘટનાને પગલે રાજકોટની મુખ્ય બજારોએ પાડયો બંધ







(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગત શનિવારે શહેરના ટીઆરપી ગેમ ઝોનમા લાગેલી આગને પગલે ૩૩ નિર્દોષ લોકો ભડથુ થઈ ગયા હતા. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં શોકનો માહોલ વ્યાપ્યો છે.આ ઘટનાને પગલે આજે રાજકોટની મુખ્ય બજારો જેમાં સોની બજાર, ગુંદાવાડી, ધમેન્દ્ર રોડ, દાણાપીઠ સહિતના વિવિધ વેપારી એસોસિએશને આજે બંધ પાડી દિવગંત આત્માઓને શ્રધ્ધાંજલી અર્પી હતી.

## ગેમઝોનમાં વેલ્ડીંગ કામમાં તણખા ઝરતા દુર્ઘટના સર્જાઈઃ સીસીટીવી ફુટેજ જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ ઉપર આવેલ ટીઆરપી ગેમઝોનમાં લાગેલી આગના સીસીટીવી ફૂટેજ જાહેર થયા છે. ગેમઝોનમાં વેલીંગની કામ ચાલતું હતું ત્યાં જ સૌ પ્રથમ બ્લાસ્ટ બાદ આગ લાગી હતી. ૨૮ લોકોને ભરખી જનાર આગ ઉપર કાબુ મેળવવા ગેમઝોનનના કર્મચારીઓએ પ્રયાસ કર્યો હતો પરતું તેમાં તેઓને નિષ્ફળતા મળી હતી.



આગનું કારણ જાણવા પોલીસે ગેમઝોનના લાગેલા સીસીટીવીનું ડીવીઆર જપ્ત કર્યા બાદ તેની ચકાસણી કરતા આગની ઘટનાના ભયાનક દ્રશ્યો બહાર આવ્યા છે. જયા વેલ્ડીંગનું કામ ચાલતું હતું ત્યાં જ આગનો તિખારો થયા બાદ સીધો ધડાકો થયો હતો. આ ઘટના ત્યાં હાજર વેલ્ડીંગ કામ કરતા કર્મચારીઓએ નજરોનજર નિહાળી હતી. અને આગ ઉપર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો પરતું એટલીક્ષણમાં તો વધુ એક બ્લાસ્ટ થતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. બપોરના સમયે ગેમઝોનમાં આગ લાગ્યા બાદ કર્મચારીઓએ ફાયરના સાધનોથી આગ બુઝાવવાની કોશિષ કરી હતી. પરતું આગને પેટ્રોલ મળ્યું હોય તેમ ફુવારા કરતાની સાથે જ આગનો પ્રચંડ વિસ્ફોટ થયો હતો. બાદમાં કર્મચારીઓ સહિત લોકોમાં નાશભાગ મચી ગઈ હતી.તેવા દ્રશ્યો સીસીટીવીમાં જોઈ શકાય છે. આ ઉપરાંત એક કર્મચારીએ આગ લાગતા સીધી દોટ મુકી હતી. અને સળગતા ટાયરના ઘા કર્યા હતા. આથી સળગતા ટાયર અન્ય જગ્યાએ પડતા ત્યાં પણ આગ લાગી હતી. આમ અલગ અલગ જગ્યાએ આગ લાગવાથી વધુ ફેલાઈ હતી.તેના કારણે આખુ ગેમ ઝોન આગની લપેટમાં આવી ગયાના સીસીટીવી જાહેર થયા છે.

## ગેમઝોન દુર્ઘટનામાં ધ્રોલના ત્રણ યુવાનોના કરૂણ મોત

### વ્હાલસોયા પુત્રોની ભાળ મેળવવા પરિવારજનોના સિવિલમાં કરૂણ આક્રંદ

**મુખ્ય સમાચાર, ધ્રોલ**

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન ખાતે સર્જાયેલી આગની દુર્ઘટનામાં ૨૭ જેટલા યુવાનોના મોત નીપજેલ છે. આ તમામના મૃતદેહો ઓળખાઈ શકે તેવા ન હોય તે તમામ મૃતકોના ડીએનએ ટેસ્ટ દ્વારા ઓળખ મેળવીને મૃતદેહો તેમના સગાવ્હાલાનો સોંપવામાં આવી રહેલ છે.



આ દુર્ઘટનામાં ધ્રોલ તાલુકાના ત્રણ યુવાનો પણ મીસીંગ થયેલ છે. તેમના વાલીઓ રાજકોટ ખાતે તેમના વ્હાલા સોયાના મૃતદેહોની ઓળખ મેળવવા માટે રાજકોટ ધસી ગયેલ છે. પરંતુ હજુ સુધી ઓળખ થયેલ નથી.

ધ્રોલ તાલુકાના ત્રણ યુવાનોમાં નમ્ર દિપસિંહ જયપાલસિંહ જાડેજા (ઉ.વ.૨૪) મુ. ગઢડા હાલ ધ્રોલ, સુરપાલસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા (ઉ.વ.૨૫) મુ. ખાખરા, તા. ધ્રોલ, આ બન્ને યુવાનો રાજકોટ બજાજ ફાઈનાન્સમાં નોકરી કરતા હતા. તેમજ જય અનિલભાઈ ગોરેચા (સુથાર) (ઉ.વ.૨૩) મું. જાયાવાના આ યુવાન છે.ધ્રોલ તાલુકાના આ ત્રણ યુવાનોનો આગમાં ભોગ લેવાયા હોવાના સમાચારથી તેમના વતનના ગામોમાં તથા ધ્રોલ ખાતે તેમના સગા સંબંધીઓમાં ગમગીની છવાયેલ છે.

જાડેજા નમ્રદિપસિંહ (ઉ.વ.૨૪) ગઢડાવાળાના ચાર માસ પૂર્વ લગ્ન થયેલ છે. ત્યારે સુરપાલસિંહ જાડેજા ખાખરાની તાજેતરમાં જ સગાઈ થયેલ છે. તેમજ જય ગોરેચા જાયવાના પિતાજીનું ત્રણ માસ પહેલા મૃત્યુ પામેલ છે.

## ઘટના સ્થળે હાસ્ય કરતા બેશરમ ધારાસભ્ય ટીલાળાએ મોતનો મલાજો ન જાળવ્યો

### લોકોના કરૂણ આક્રંદન વચ્ચે ધારાસભ્યના આવા વર્તનથી લોકોમાં ભારે રોષઃ રાજીનામાની માંગ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એક તરફ રાજકોટમાં ટીઆરપી મોલમાં ૩૨થી વધુ લોકો જીવતા ભુંજાઈ જતા આખુ રાજકોય હીબકે ચડવાની ઘટના બની તો બીજી તરફ ભાજપના ધારાસભ્ય રમેશ ટીલાળાના મિડીયા સામે નફ્ફટાઈ ભર્યા અટ્ટહાસ્યની. આ ધારાસભ્યને ફાયર સેફ્ટીનો સવાલ પુછાતા તેમણે કહ્યું હતુ કે આવી ઘટનામાં હવે હુ શું કહી શકુ. આ મહાશયને એ ખબર નથી કે તેઓ જનતાના પ્રતિનિધિ છે અને જવાબ આપવા બંધાયેલા છે.



રાજકોટના અગ્નિકાંડ વચ્ચે આ ધારાસભ્ય ટીલાળાના હાસ્ય સમગ્ર સરકારને શર્મસાર હાલતમાં મુકી દીધી છે.

બીજી ઘટનામાં ટીઆરપી ગેમ ઝોનમાં તપાસ કરવા અધિકારીઓને બેસવા માટે ખુરશી મુકવા માટે કર્મીઓ દોડાદોડી કરતા જોવા મળ્યા હતા. આવા અધિકારીઓને રોકકળની વચ્ચે પોતાના રુઆબ અને હોદ્દાની પરવા હતી. આવા અધિકારીઓએ ડુબી મરવાની જરૂર છે એવુ લોકોનુ કહેવુ છે. એક તરફ લોકો પોતાના સ્વજનોને શોધી રહ્યાં છે તો બીજી તરફ સરકારના મંત્રીઓ નફ્ફટાઈભર્યા નિવેદનો બિન્દાસ્તપણે આપી રહ્યાં છે. રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં ૩૨ લોકોના જીવતા ભૂંજાઈ જવાની ઘટના હોય, ભાજપના નેતાઓ-મંત્રીઓ મોતનો મલાજો જાળળવાના બદલે બીજા દિવસે બધા રાબેતા મુજબ રીબીન કાપવાના સરકારી કાર્યક્રમો શરૂ દે છે.મોટાભાગના બનાવોમાં હમેશા નાની માછલીઓને પકડીને સરકાર સંતોષ માનીને કડક કાર્યવાહી કર્યાનો નર્યો ડોળ કરી રહી છે.

## બહુમાળી ભવન પાસે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો દ્વારા કેન્ડલમાર્ચ યોજી દુર્ઘટનાના મૃતકોને શ્રધ્ધાંજલિ અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી અને આમ આદમી પાર્ટીના પ્રમુખ દિનેશભાઈ જોશીની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટના કાલાવડ રોડ પર તંત્ર વાહકોની ઘોર બેદરકારી અને અક્ષમ્ય લાપરવાહીને પગલે સયાજી હોટલ પાછળ આવેલ ઝક્ક ગેમ ઝોનમાં આગ લાગવાની સર્જાયેલી દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટનાને લઈ ઈન્ડિયા ગઠબંધન દ્વારા તમામ મૃતકોને ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.



(તસ્વીરઃ આનંદ જાવિયા)


દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતોના આત્માને ઈશ્વર શાંતિ અર્પે એ માટે ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિ દ્વારા યોજાયેલા કેન્ડલ માર્ચના કાર્યક્રમમાં ગુજરાત પ્રેસ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહજી ગોહિલ, વિધાનસભા વિરોધ પક્ષના નેતા અમિતભાઈ ચાવડા, આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલભાઈ ઇટાલીયા, હવે કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, આમ આદમી પાર્ટીના પ્રમુખ દિનેશભાઈ જોશી, ધારાસભ્ય હેમંતભાઈ ખવા, રાજકોટ લોકસભા ના ઈન્ડિયા ગઠબંધન ઉમેદવાર પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય હિંમતસિંહ પટેલ, ઇન્દ્રનીલ રાજગુરુ, સહિતના આગેવાનો રાજકીય સામાજિક કાર્યકરો અને શહેરની જનતા બહોળી સંખ્યામાં કેન્ડલ માર્ચમાં ઉપસ્થિત રહી હતી.

## કેનેડાનો યુવાન અને રાજકોટની ભાવી પત્ની દુર્ઘટનામાં લાપતા બન્યા

### ૧૦ દિવસ પહેલાં જ સગાઈ થઈ’તીઃ યુવાન મંગેતર સાથે ગેમઝોનમાં ફરવા ગયો’તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ રાજકોટના અને હાલ કેનેડામાં રહેતો યુવાન પોતાની મંગેતર સાથે ટીઆરપી ગેમ ઝોનમાં થયેલા અગ્નિકાંડ બાદ લાપતા હોવાનું સામે આવ્યુ છે. જેમાં એક અઠવાડિયા પહેલા સગાઈ થયા બાદ ભાવિ દંપતીનીોઈ ભાળ ન મળતા અમેરિકા રહેતા યુવકના માતા- પિતા પણ ઉગઅ ટેસ્ટ આપવા રાજકોટ પહોચશે.



રાજકોટમાં રહેતા અક્ષયભાઈ ઢોલરીયા નામના ૨૪ વર્ષિય યુવાનની એક સપ્તાહ પહેલા ૨૦ વર્ષિય ખ્યાતિબેન સાવલિયા સાથે સગાઈ થઈ હતી. જેના આગામી ડિસેમ્બર મહિનામાં બને અગ્નિની સાક્ષીમાં એક તાંતણે જોડાવવાના હતા. પરંતુ તે પહેલા જ અગ્નિકાંડમાં બંને લાપતા થતા પરિવારજનોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. યુવાન કેનેડામાં અભ્યાસની સાથે નોકરી કરતા હતા. તેઓ ૧૦ દિવસ પહેલા જ રાજકોટ આવ્યા હતા આ દરમિયાન ગઈકાલે બંને TRP ગેમ ઝોનમાં પહોંચ્યા હતા. આ અંગે તેમના સ્વજનોએ કહ્યુ હતુંકે, યુવક રાજકોટમાં અર્જુન પાર્કનો રહેવાસી છે. પરંતુ હાલ કેનેડામાં અભ્યાસ સાથે નોકરી પણ કરે છે. જયારે ખ્યાતિબેન મેઘાણીનગરમાં રહેતા હતા. તેમના પિતા કિશોરભાઈ અને માતા હીનાબેન ગજ્બમાં છે. જેઓ રાજકોટ આવવા માટે નીકળી ગયા છે. તેઓ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઉગઅ સેમ્પલ આપશે.

## ગેમઝોનમાં ભભૂકતી આગમાં તરૂણે પતરાને લાત મારી ૧૦ લોકોનો જીવ બચાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા દક્ષ ચિરાગભાઈ કુંજડિયાને ગિરિરાજ હોસ્પિટલ ખાતે મળવાનું થયું ત્યારે તેમણે આપવીતી જણાવી હતી. તેણે કહ્યું, હું અને મારો પિતરાઈ ભાઈ ધ્રુમિલ કેતનભાઈ કુંજડિયા (ઉ.વ.૧૦) શનિવારે સાંજે પાંચ વાગ્યે ગેમઝોનમાં ગયા હતા. હજુ તો પ્રવેશ મેળવી ગેમ રમવાનું શરૂ કર્યું ત્યાં તો આગ લાગી હોવાનું જાણવા મળ્યું. પહેલા માળે આશરે ૨૫થી ૩૦ લોકો રમતમાં મશગૂલ હતા. જવાનો કોઈ રસ્તો ન મળ્યો એટલે પતરું તોડવાની હિંમત કરી. કેટલાક લોકો ત્યાં ઊભા ઊભા જોતા હતા પણ કોઇએ પતરું તોડવામાં મદદ ન કરી. જેવું પતરામાંથી જવાન જવાનો રસ્તો મળી ગયો કે તુરંત જ મારી પહેલા તો દસ જણા કૂદી પણ ગયા. મારા પિતરાઈ ભાઈને માઈને એક હાથમાં ફ્રેક્ચર થયું છે. જે સારવારમાં છે જેની સ્થિતિ ખૂબ સારી છે.




## ૨૮ માનવ જિંદગીના મોતના જવાબદાર ગેમઝોનના સંચાલક અને ભાગીદારો સામે સાઅપરાધ મનુષ્ય વધનો ગુનો દાખલ

### સરકાર પક્ષે તાલુકા પોલીસ મથકના પીએસઆઈ ફરિયાદી બન્યાઃ ૬૦ મીટર લાંબુ, ૫૦ મીટર પહોળું, ૩ માળનું ફેબ્રીકેશનનું સ્ટ્રકચર આગમાં ખાખ


**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાના મવા રોડ ઉપર મોકાજી સર્કલ પાસે ટીઆરપી ગેમ ઝોનમાં બનેલા અગ્નિકાંડ મુદ્દે તાલુકા પોલીસ મથકના પીએસઆઈ પ્રજ્ઞેશકુમાર ભીખાભાઈ ત્રાજીયા ઉ.૪૮એ તાલુકા પોલીસ સ્ટેશનમાં ધવલ કોર્પોરેશનના પ્રોપરાઈટર ધવલ ભરતભાઈ ઠક્કર તથા રેસવે એન્ટરપ્રાઈઝના ભાગીદારો અશોકસિંહ જગદીશસિહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, પ્રકાશચંદ્ર કનૈયાલાલ હિરન, યુવરાજસિહ હરીસીહ સોલંકી અને રાહુલ લલીતભાઈ રાઠોડ તથા તપાસમાં ખૂલે તેની સામે ૩૦૪,૩૦૮,૩૩૭,૩૩૮,૧૧૪ સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે.

સરકાર પક્ષે પીએસઆઈ ત્રાજીયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત પીસીઆર ૨૨ના ઇન્ચાર્જ મહાવીરસિહએ ટેલીફોનીક જાન કરતા અમે સ્ટાફ સ્ટાફે ટીઆરપી ગેમ ઝોન ખાતે દોડી ગયા હતા ત્યાં જઈને જોતા આગ લાગી હોય અને ફાયરની કામગીરી ચાલુ હતી જેથી કંટ્રોલ રૂમમાં જાન કરી હતી આ ગેમ ઝોન ૬૦ મીટર લાંબુ, ૫૦ મીટર પહોળું અને ત્રણ માળનું ફેબ્રિકેશનનું આખું સ્ટ્રકચર આગની લપેટમાં આવી ગયેલું જોવા મળ્યું હતું ૧૦૮ દ્વારા માનવ શરીરો બહાર કાઢવામાં આવતા હતા જેમાં સિવિલ હોસ્પિટલ ચોકી તરફથી ૭ સ્ત્રી, ૧૯ પુરુષ અને ૨ સ્ત્રી કે પુરુષના અવશેષો મૃત જાહેર કરતી એડી તાલુકા પોલીસમાં નોંધ કરાવવામાં આવી હતી ૨૮ અજાણ્યા મૃતકો ઉપરાંત ધૂમિત કુંજડીયા ઉ.૧૦, માનીશ ખીમસુરીયા ઉ.૨૧ અને જીજ્ઞાબા જાડેજા ઉ.૪૧ને આ જ બનાવમાં ઈજાગ્રસ્ત હાલતમાં ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા આ બનાવમાં ઉપરોક્ત છ શખ્સોએ માનવ જિંદગી જોખમમાં મુકાય તેવી ગંભીર બેદરકારી દાખવી હોય તેમજ જે હોસ્પીટલમાં ત્રણ ઈજાગ્રસ્તો દાખલ છે તે લોકો જો ત્યાંથી નીકળી શક્યા ન હોત તો તેમના મૃત્યુ થવાની પણ પૂરી સંભાવના હોય જોખમમાં નાખવાનું કૃત્ય કર્યું હોવાથી સાપરાધ મનુષ્ય વધ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

## ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના પગલે રાજકોટના ફનવર્લ્ડ, બાલભવન સહિતના ગેમ ઝોન બંધ કરાવાયા









(તસ્વીરઃ આનંદ જાવિયા)

શનિવારે રાજકોટમાં બનેલા અગ્નિકાંડના પગલે ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળુ મારવા સરકારી તંત્ર નીકળ્યું હોય તેમ ગઈકાલથી રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતના ગેમ ઝોન તથા રેસકોર્ષમાં આવેલ ફનવર્લ્ડ, બાલભવન,સમરમેળા તથા અન્ય ગેમ ઝોન સુરક્ષાના કારણોસર બંધ કરાવવામાં આવ્યા હતા. વધુમાં મનપા તંત્ર તેમજ પોલીસ તંત્ર દવારા આ તમામ મનોરંજન ઝોનમાં સુરક્ષાના પૂરતા સાધનો છે કે, કેમ તેની ચકાસણી હાથ ધરાઈ હતી.

# પત્રકાર પરિષદમાં પોલીસ દ્વારા ચેકિંગ કેમ કરવામાં ન આવ્યુ તેવો સવાલ પુછાતા પોલીસ કમિશનર મુંઝાયા

## ચાર વર્ષથી ધમધમતી ગેમઝોનને કઈ કઈ સંસ્થાએ મંજુરી આપી તેવા અનેક સવાલો ઉઠયાઃ ચાલુ પત્રકાર પરિષદમાં સી.પી. હાથ જોડી રવાના થઈ ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ટીઆરપી ગેઈમ ઝોનની દૂર્ઘટના અંગે અધિકારીઓ દ્વારા જવાબદારીની એકબીજા પર ફેંકાફેંકી કરવામાં આવી રહી છે ત્યારે આ ઘટના અંગે તંત્રમાં રહીને વિલનની ભૂમિકા કોણ ભજવી રહ્યું હતું તેને લઈને જેટલા મોઢા એટલા દાવાઓ અને વાતો થઈ રહી છે. આ ઘટનામાં ૩૧થી વધુ લોકોના મૃત્યુ નિપજ્યા છે ત્યારે રાજકોટ જ નહીં આખું ગુજરાત ગમગીન બની ગયું છે. દરમિયાન પાલીસ કમિશનર રાજુ ભાર્ગવે આરોપીઓ સામે કરેલી કાર્યવાહીની માહિતી આપવા પત્રકાર પરિષદ યોજી



હતી જેમાં એક પછી એક 'અણિયાળા' સવાલો પૂછાવાનું શરૂ થતાં જ તેમણે ચાલું પત્રકાર પરિષદે હાથ જોડીને નાના થવું પડયું હતું !!

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવને પત્રકારો દ્વારા ઘટના અંગે વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેમાં ખાસ કરીને પોલીસ દ્વારા ટીઆરપી ગેઈમ ઝોનને સરકારની કઈ કઈ સંસ્થા પાસેથી અભિપ્રાય લઈને મંજૂરી આપી હતી ? આ પ્રશ્ન પૂછાતાં પોલીસ કમિશનરે કહ્યું હતું કે આ અંગે આરએન્ડબી તેમજ યાંત્રિક વિભાગ પાસેથી અભિપ્રાય મેળવાયો હતો. આ પછી ચાર વર્ષથી ગેઈમ ઝોન ધમધમી રહ્યો હતો છતાં પોલીસ દ્વારા ચેકિંગ કેમ કરવામાં ન આવ્યું તેવો સવાલ પણ પૂછાતાં પોલીસ કમિશનર મુંઝાયા હતા. આ પછી પ્રશ્નો તો પૂછાયા પરંતુ તેના સુવ્યવસ્થિત જવાબ આપવાનું તેમણે ટાળ્યું હતું અને સવાલોનો મારો યથાવત જ રહેતા હાથ જોડીને તેઓ રવાના થઈ ગયા હતા.

# અગ્નિકાંડમાં ચાર મૃતદેહોના ડીએનએ મેચ થતા પરિવારને સોંપાયાઃ અંતિમવિધિ કરાઈ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કાલાવાડ રોડ પર આવેલા TRP ગેમ ઝોનમાં આગ ફાટી નીકળતાં ૨૭થી વધુ લોકોના મોત થયાં છે. આ આગમાં લોકો એટલી હદે બળ્યાં છે કે, તેમની ઓળખ DNA દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે આજે તારીખ ૨૭ મે, ૨૦૨૪ના અગ્નિકાંડમાં મોતને ભેટેલાં લોકોના મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યાં છે. આગકાંડના ૧૫ દિવસ પહેલા જ સુનિલભાઈ પોતાના પરિવારનું ગુજરાત ચલાવવા નોકરી પર લાગ્યા હતા. અંદર ફસાયેલા લોકોને બચાવવા અંદર રહ્યાં અને પોતે જ કાળનો કોળ્યો બન્યાં. આજે પહેલો સુનિલભાઈ સિધ્ધપુરાનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવતા રામનાથપરા સ્મશાન ખાતે અગ્નિદાહ માટે લઈ જવામાં આવ્યા. તો બીજો ગોંડલના સત્યપાલસિંહ જાડેજાનો મૃતદેહ પરિજનોને સોંપવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, આજે ચાર લોકોના મૃતદેહ તેમના પરિજનોને સોંપવામાં આવ્યાં છે.

# અગ્નિકાંડમાં મૃત્યુ પામેલાં દિવંગતોને જિલ્લા પંચાયતના પદાધિકારીઓ તેમજ અધિકારીઓ દ્વારા શ્રદ્ધાંજલિ અપાઈ



(તસ્વીરઃ આનંદ જાવિયા)


**રાજકોટ ખાતેના ટીઆરપી ગેમ ઝોનમાં બનેલ દુર્ઘટનામાં અવસાન પામેલ મૃતકોને આજ રોજ રાજકોટ જિલ્લા પંચાયત કચેરી ખાતે શ્રદ્ધાજલી આપવામાં આવી અને બે મિનિટ મૌન પાળી પ્રાર્થના કરવામા આવી.જેમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી,ડીડીઓ ડો.નવનાથ ગવહાણે,જિલ્લા પંચાયતનાં પદાધિકારીઓ અલ્પાબેન તોગડીયા, લીલાબેન ઠુંમર, ભાનુબેન બાબરીયા, મોહનભાઇ દાફડા, જનકભાઈ ડોબરીયા, સુભાષભાઈ બાંભરોલિયા, પરેશભાઈ રાદડિયા, ધર્મેશભાઈ ટીલાળા,ડે.ડીડીઓ ઈલાબેન ગોહિલ, તેમજ જિલ્લા પંચાયતનાં અધિકારીઓ, પદાધિકારીઓ,કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

# સિવિલમાં મૃતદેહોની કતારઃ પી.એમ. રૂમ નાનો પડતા લાશો સખી સેન્ટરમાં રખાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમ ઝોનમાં એક સાથે ૨૮ જેટલા લોકો ભડથું થઈ જતા સિવિલમાં મૃતદેહોની કતારો લાગી હતી. સિવિલના ઈતિહાસમાં એકસાથે આટલા મૃતદેહ આવી જતા પીએમ રૂમની પાસે આવેલા સખી સેન્ટરને પણ ઉપયોગમાં લેવાનો વારો આવ્યો હતો. એટલું નહી પરંતુ લાપતા પરિવારજનોને શોધવા આવેલા સ્વજનોનો ટ્રાફિક વધતા જ પીએમ રૂમ પોલીસ છાવણીમાં ફેરવાયો હતો.





ટીઆરપી ગેમઝોનમાં લાગેલી આગે ૨૮થી વધુ લોકોના જીવ લીધા હતા. ઘટના એટલી હ્રદયદ્રાવ્ય હતી કે પોતાના સ્વજનો ન ગુમાવ્યા છતા પણ અનેક લોકોના આંખોમાંથી આસું સરી પડ્યા હતા. ઘટના સ્થળ પરથી ફાયર અને પોલીસ સ્ટાફ દ્વારા મૃતદેહોને બહાર કાઢી સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અગ્નિકાંડમાં જોત જોતામાં ૨૮ જેટલા મૃતદેહ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેના કારણે સિવિલનો પીએમ રૂમ મૃતદેહ સમાડવા માટે ટુંકો પડતા બાજુમાં આવેલા સખી સેન્ટર ખાતે કે જ્યાં નવો પીએમ રૂમ રિનોવેટ કરવાનો છે તેનો ઉપયોગ કરવાની નોબત આવી હતી. એક સાથે ૨૮ જેટલા મૃતદેહ આવતા પોતાના પરિવારજનોને શોધવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. જેના કારણે ટ્રાફિક કંટ્રોલ કરાવવા માટે પીએમ રૂમ જાણે પોલીસ છાવણીમાં ફેરવાયો હોય તેમ બેરિકેટ રાખી સ્થિતી પર કાબુ મેળવવા પ્રયાસ કરવામાં આવ્યા હતા.

# ગેમઝોનમાં અગાઉ ઉચ્ચ અધિકારીઓ મહેમાન બન્યા પણ ફાયર સેફટી અંગે કોઈએ તસ્દી ન લીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

TRP ગેઈમ ઝોન અધિકારીઓમાં ફેવરીટ હોવું જોઈએ કારણ કે સમયાન્તરે ઉચ્ચ અધિકારીઓ અહીની મહેમાનગતિ માણે છે એવું જાણવા મળ્યું છે. આજે જે તસવીર પ્રાપ્ત થઈ છે તેમા રાજકોટના તત્કાલિક કલેકટર અરુણ મહેશ બાબુ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, ડી.સૌ.પી. ( ઝોન-૧) પ્રવિણ મીના અને એસ.પી. બલરામ મીના વગેરે બે વર્ષ પહેલા ૨૦૨૨માં માર્ચ માસમાં આ ગેઈમ ઝોનની મુલાકાતે ગયા ગયા હતા. આ તસવીર એવું દર્શાવે છે કે, બધા અધિકારીઓએ ગોકાર્ટિંગનો લાભ લીધો હતો કારણ કે બધાના હાથમાં હેલ્મેટ પણ



દેખાય છે.


આ ગેઈમ ઝોનના સંચાલકે બધાને આવકાર્યા હતા. અહીં પ્રશ્ન એ થાય છે કે, આ અધિકારીઓ જયારે આ ઝોનની મુલાકાતે ગયા ત્યારે પણ તે આવી રીતે જ મંજુરી વગર જ ચાલતું હશે ને.. મીન્સ કે ફાયર એન.ઓ. સી. તો ત્યારે પણ લીધું નહી હોય..!!વધુ આશ્ચર્યની વાત એ છે કે, એ વખતે કોઈ અધિકારીને આવો કોઈ પ્રશ્ન મનમાં નહી આવ્યો હોય..! જો કોઈ એક અધિકારીને આ વાત સુઝી હોત તો કદાચ આવી કોઈ દુર્ઘટનાને અટકાવી શકાઈ હોત અથવા તેની તીવ્રતા ઓછી હોત. પણ કમનસીબે રાજકોટના લલાટે આવી દુર્ઘટના લખી હશે.

# અગ્નિકાંડની ઘટના બાદ ગેમઝોનની અગાસી પર બીયરના ટીન મળ્યાઃ ગુનો નોંધવા તજવીજ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ગેમ ઝોન અગ્નિકાંડની ઘટના બાદ તપાસ અર્થે ગયેલી પોલીસને અગાસી ઉપરથી દારૂની બોટલો તેમજ ઓફિસમાંથી બીયરના ૮ ટીન મળી આવતા ગેમ ઝોનના સંચાલકો અહીં લોકોના જીવ જોખમમાં મૂકી જલસા કરતા હોય તેવું સાબિત થઇ રહ્યું છે દારૂ-બીયરના પ્રકરણમાં તાલુકા પોલીસમાં અલગથી પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં તજવીજ હાથ ધરી છે.


રાજકોટના અગ્નિકાંડના જવાબદાર સંચાલકોનો અય્યાસીઓના અડ્ડા સમાન



આ ટીઆરપી ગેમ ઝોનમાં આગની ભયંકર જીવલેણ ઘટના બાદ પોલીસે તલસ્પર્શી તપાસ શરુ કરી હતી તાલુકા પોલીસ સ્ટેશનમાં છ ભાગીદારો સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધા બાદ બપોર પછી તાલુકા પોલીસ મથકના પાઈ હરીપરા સહિતનો કાફલો ઘટનાસ્થળની ચકાસણી અર્થે દોડી ગયો હતો અગાસી ઉપર તપાસ કરતા ત્યાંથી દારૂની બોટલો મળી આવતા અહીં મહેફીલો જામતી હોય તેવું ફલિત થયું છે આ ઉપરાંત ઓફિસની જડતી લેતા તેમાંથી બીયરના ૮ ટીન મળી આવતા તપાસ અર્થે કબજે કરવામાં આવ્યા હતાઆ બીયર પરમીટના છે કે કેમ તે અંગે ચકાસણી કર્યા બાદ પ્રોહીબીશન એક્ટ હેઠળ અલગથી ગુનો નોંધવામાં આવશે તેવું જણાવવામાં આવ્યું છે.

# ગેમઝોનના અગ્નિકાંડમાં ઘડીના છઠ્ઠાભાગમાં એક હર્યોભર્યો પરિવાર ભુંજાઈ ગયો

## પતિ-પત્ની-પુત્રી સાથે કેન્ટીનમાં બેઠા હતા ને અચાનક આગ લાગીઃ બચાવવા યુવાને દોટ મુકી લાપતા બન્યો



વિરેન્દ્રસિંહ | દેવાંશી | રાજભા | ધર્મરાજ | ઓમદેવસિંહ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉનાળુ વેકેશન હોવાના કારણે સાળા અને સાઢુ ભાઈનો પુત્ર રાજકોટ આવ્યા. તે તમામને લઈ વીરેન્દ્રસિંહ જાડેજા પોતાના પરિવાર સાથે ગેમઝોનમાં ગયા. વિરેન્દ્રસિંહ તેમનાં પત્ની અને પુત્રીને ગેમઝોનમાં જવું ન હતું જેથી આ ત્રણેય કેન્ટિનમાં બેઠા. પુત્ર, ભત્રીજી, સાળા, સાઢુભાઈનો પુત્ર ગેમઝોનમાં ગયા. થોડી જ મિનિટોમાં આગ ભભૂકી ઊઠી. આ બિહામણું દશ્ય જોઈ વીરેન્દ્રસિંહ અને તેમનાં પત્ની દોડીને બચાવવા ગયા. જ્યાં ગુંગણામણ થવાથી પત્ની બેભાઈ થઈ ગયાં. પતિ બચાવ કામગીરીમાં ગયા ત્યાં લાપતા થઈ ગયા. આમ, આ પરિવાર ઘળીના છઠ્ઠા ભાગમાં તો હતો ન હતો થઈ ગયો.

એક ખાનગી ચેનલના કર્મચારી વિરેન્દ્રસિંહ નિર્મળસિંહ જાડેજા (ઉ.વ. ૪૪) તેમનાં પત્ની જિજ્ઞાબા (ઉ.વ. ૩૭), પુત્રી દેવયાનીબા (ઉ.વ.૨૦), પુત્ર ધર્મરાજસિંહ (ઉ.વ.૧૫) ભત્રીજી દેવાંશીબા હિતેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ. ૧૫), સાઢુ ભાઈનો પુત્ર રાજભા પ્રદીપસિંહ ચૌહાણ (ઉ.વ.૧૨) અને સાળાઓમદેવસિંહ રાજેન્દ્રસિંહ ગોહીલ (ઉ.વ.૩૫) ગેમઝોનમાં ગયા હતા. સાંજે લગભગ સાડા ચાર વાગ્યે આ પરિવારે ગેમઝોનમાં પ્રવેશ મેળવ્યો. ત્રીસેક મિનિટ પછી એકાએક આગ ભભૂકી ઊઠી. કેન્ટિનમાં બેઠેલા વીરભદ્રસિંહે જોયું એ સાથે જ તે તમામને બચાવવા દોડયા. એમની સાથે તેમનાં પત્ની જિજ્ઞાબા પણ દોડયા. જેમાંથી જિજ્ઞાબા ગુંગણામણના કારણે બેભાન થઈ જતાં તેમને સારવારાર્થે એક ખાનગી હોસ્ટિપલમાં ખસેડાયાં હતાં. જ્યાં તેમની તબિયત સારી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે વીરભદ્રસિંહ લાપતા થઈ ગયા હતા.

# મારી આગળ-પાછળ કોઈ નથી જો ગુનેગારોને ફાંસી નહિ મળે તો હું પતાવી દઈશઃ એક પિતાનો વલોપાત

## એકના એક પુત્ર સહિત પરિવારના પાંચ સ્વજનો ગુમ થતા યુવાને મીડિયા સમક્ષ વેદના ઠાલવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ગેમ ઝોનમાં એક જ પરિવારના ૫ સભ્યોને શોધતા પિતાએ વલોપાત સાથે ગુનેગારોને ફાંસીની સજા નહિ થાય તો હું પતાવી દઈશ તેવું મીડિયા સમક્ષ જણાવ્યું હતું.

રાજકોટના નિર્મલા કોન્વેન્ટ રોડ ઉપર રહેતા પ્રદીપસિહ ચૌહાણએ મીડિયા સમક્ષ પોતાની વેદના ઠાલવતા જણાવ્યું હતું કે અમારા પરિવારના ૮ સભ્યો હતા જેમાંથી ૩ સભ્યો નીચે હતા જે મળી ગયા છે







પાંચ મિસિંગ છે તેમાં એક મારો દીકરો છે રાજભા નામ છે બીજા મારા સાઢુભાઈ છે એક એમનો દીકરો છે એક તેના મોટાભાઈની બેબી છે અને એક સાળા છે જે પાંચની કોઈ ઓળખ થતી નથી મેમ્બર જે બચી ગયા હતા તેણે ફોન કરી આગની જાણ કરી હતી મારા સાઢુભાઈ અને સાળા ઉપર બચાવવા ગયા ત્યારે આ લોકોએ પાછળથી દરવાજો બંધ કરી દીધો જેથી તે બહાર નીકળી શક્યા ન હતા ૪૫ સેકંડમાં આગ પ્રસરી ગઈ હતી ૯૯ રૂપિયાની સ્કીમને લીધે વધુ પબ્લિક હતું મારી માંગણી એવી છે કે સરકાર આરોપીઓને ફાંસીની સજા આપે કોઈ પણ વકીલ કેસ લડે નહિ જો કોઈને પૈસાથી કેસ લડવો હોય તો જે તેની ફી થતી હશે તેનાથી બે લાખ રૂપિયા હું વધારે આપીશ બીજું મારે કોઈ સહકારી સહાય જોતી નથી મને જે સહાય મળશે તે જેને જરૂર હશે તેને હું આપી દઈશ જો આ લોકોને સજા પહેલા જામીન મળ્યા તો હું બધાને મારી નાખીશ મારી આગળ પાછળ કોઈ છે નહિ હતું એ મારૂ વયું ગયું છે આને ધમકી સમજો તો પણ છૂટ અને બાપની વેદના સમજો તો પણ છૂટ જેમ અમારા પરિવારની ઓળખ પરેડ થતી નથી તેમ આ લોકોની પણ ઓળખ પરેડ નહી થવા દઉં અને આ ખાલી કહેવાની ધમકી નથી હું કોઈને મુકીશ નહિ હું સરકારને એટલું કહેવા માંગું છું કે કડકમાં કડક સજા થવી જોઈએ સરકાર એક્શન નહિ લ્યે તો પબ્લિક એક્શન લેશે હું તમને એક્શન લઈને દેખાડીશ જો જામીન મંજુર થયા તો હું કોઈને મુકીશ નહિ.

# અગ્નિકાંડ બાદ કલેક્ટર કચેરીમાં મોડીરાત્રેઃ અધિકારીઓની બેઠક મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ ઉપર ટીઆરપી ગેમઝોનમાં આગ લાગવાની ઘટના બાદ કલેક્ટર કચેરી ખાતે રાત્રીના ત્રણ વાગ્યાથી પાંચ વાગ્યા દરમિયાન હાઈ લેવલ બેઠક યોજવામાં આવી હતી. જેમાં અગ્નિકાંડ અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી.સુત્રોએ જણાવ્યું હતું કે, આ બેઠકમાં સીટના અધ્યક્ષ સુભાષ ત્રિવેદી, રાજકુમાર બેનીવાલ, કલેક્ટર, પોલીસ કમિશનર, મ્યુનિ. કમિશનર, જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓની બે કલાક મેરેથોન બેઠક મળી હતી. આગના બનાવના કલાકોમાં જ રાજ્ય સરકાર દ્વારા સીટની રચનાની જાહેરાત કરી હતી. અને સીટના અધ્યક્ષ સહિતના સભ્યો પણ રાત્રીના રાજકોટ આવી તપાસ શરૂ કરી હતી. આ બેઠકમાં કલેક્ટર, પોલીસ કમિશનર અને મ્યુનિ કમિશનર પાસેથી તમામ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

# ગેમઝોનની દુર્ઘટના બાદ લોકોની ધીરજ ખુટીઃ ઘટના સ્થળ અને હોસ્પિટલમાં ટોળાએ હાય..હાય..ના નારા લગાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં લાગેલી આગમાં એકસાથે ૨૮ લોકો જીવતા ભૂંજાઈ જતા રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં હાહાકાર મચી ગયો છે. આ કરૂણાતિકા બાદ સરકારી તંત્રની નાલેશી સામે લોકોનો જનાક્રોશ ભભૂક્યો હતો અને અધિકારીઓ સામે ટોળાએ હાય.. હાય..ના નારા લગાવ્યા હતા.

કાલાવડ રોડ ઉપર આવેલ ગેમઝોનમાં ભીષણ આગ પછી લાપતા બનેલા બાળકોના વાલીઓના વલોપાત જોઈ કઠણ કાળજાના માનવીના કલેજા હચમચી ગયા છે. આવા સંજોગોમાં લોકોને સંવેદના આપવાના બદલે સરકારી





તંત્રના ગેમઝોનના આરોપીઓ પ્રત્યે કૂણી સંવેદના અને નબળાઈ સામે લોકોની નારાજગી વધી છે.

દરમિયાન ઘટના સ્થળે, પી.એમ. રૂમ અને સિવીલ હોસ્પિટલમાં લોકોના ટોળા બેકાબૂ બન્યા હતા. રાત્રીના હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં લોકો એકઠા થતા અને ત્યાં અધિકારીઓના કાફલા સામે રોષ વ્યક્ત કરી હાય.. હાય..ના નારા લગાવવામાં આવ્યા હતા. આ સમયે મામલો તંગ બની જતા પોલીસે પરિસ્થિતિ પારખી ટોળાને વિખેરી નાંખ્યું હતું.